# સાધુહૃદયની પ્રાર્થનાગંગા

**દેતો દેતો ને દેતો... જોગીડો દેતો દેતો ને દેતો !**

ભજન સાંભળતાં ચિંતન ચાલ્યું.
યોગીબાપાએ જીવન સૌનાં ભક્તિસભર બનાવ્યાં
ભગવાન આપ્યા ને આત્મસમૃદ્ધિ આપી
શ્રીજી પધાર્યા... સ્વામી પધાર્યા... સૌને સુખ દેવા
તેવાં આતમસુખ સૌને દીધાં... ને ન્યાલ કર્યા
પ્રગટ પ્રભુની ઓળખાણ કરાવી ને માહાત્મ્ય સમજાવ્યાં
આત્યંતિક કલ્યાણ સૌનાં કરી પરમ સુખ દીધાં
'ઉપાસના' શુદ્ધ સાચી દૃઢ કરાવી
તે ઉપાસનાના માર્ગે ચલાવી બ્રહ્મજ્ઞાને ભરપૂર કીધા
સુહૃદભાવ એકતાથી જીવતા કર્યા ને દાસ બનાવ્યા
આજે સૌનાં હૈયાં બ્રહ્મપ્રકાશે ઝળહળી ઊઠ્યાં
સેવા ભક્તિ ને સમર્પણના ભાવે સૌ થનગની રહ્યાં
દીપાવલી ઉત્સવ ઉજવાયા... નૂતનવર્ષને આવકાર દીધા
પ્રત્યક્ષ ને પ્રગટ 'સાહેબજી'ને રાજી કરી જ લેવા સંકલ્પ કીધા
તેઓશ્રીના નૂતન મંદિરના સંકલ્પમાં કટિબદ્ધ... તે દૃઢતા કરી
અમે સૌ યોગીના યુવાન... સાહેબના સેનાની છીએ
અમે સૌ પ્રગટ પ્રભુના ઉપાસકો છીએ...
અમે શ્રીજી-સ્વામી અર્થે સમર્પિત છીએ
અમે સૌ સુહૃદ સાથી સંગાથી સ્વજનો છીએ
આ દિવ્ય સત્યોની અંતરે દૃઢતા કરી
અમારું આ સઘળું તારું... તારું જ દીધેલું
તે વર્તને લાવી સાહેબજીને રાજી કરી લેવા દૃઢતા કીધી
આજે બાળકો યુવાનો ભક્તો સંતો આ ભાવે મંડ્યા છે
'સ્વામિનારાયણ' મંત્રનો સહારો લઈ બળ મેળવે છે
ગુરુઆજ્ઞાનું અનુસંધાન રાખ્યાં ને સ્થિરતા મેળવી છે
તો સૌના હૈયે અહોહોભાવનો મહાસાગર ઊછળે છે
સૌને પ્રાપ્તિ કરી લીધાનો પ્રેમસાગર ઘૂઘવે છે.
બાપા ! આપે અમને બહુ દીધું.

હે દયાળુ પ્રભુ !
નૂતન વર્ષ... અમ સૌનું નિષ્કામ ભક્તિમય બનો
પ્રગટ પ્રભુ 'સાહેબજી' સાથે પરમ એકતા દૃઢ થતી રહો
સૌ સંબંધવાળા સાથે વર્તન વ્યવહારે દાસત્વ રહો
સૌની સેવા ભક્તિ કરી લેવાના ઉમંગ ઊછળતા રહો
નૂતન મંદિરે પ્રભુ બિરાજે... સાહેબજી રાજી થાય...
અમને રાજીપાના ફળસ્વરૂપે સાહેબજીનાં દિવ્ય દર્શન થઈ જાય...
અમારાં સ્વ સમર્પિત થઈ પરમ દિવ્ય બની રહે
કેવળ તુંહી... તુંહીની પરમ સ્થિતિ કરાવી દો !

નૂતન વર્ષની અમારી પ્રાર્થના !
મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવની પ્રાર્થના !
સાહેબજી અષ્ટ દશાબ્દીની પ્રાર્થના
સૌની આ પ્રાર્થના સ્વીકારી ધન્ય કરો...
કૃતાર્થ કરો ! સ્વામી ! ◆



*બ્રહ્મજ્યોતિ, લાભપંચમી, ૧.૧૧.૨૦૧૯*